સુરત મહાનગર પાલિકા

વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ મુખ્યકચેરી

અખબારી યાદી

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૦૫/૦૭/૨૦૨૪ દરમ્યાન વીબીડીસી વિભાગના કર્મચારીઓએ સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તાર હેઠળના **ઓપન પ્લોટસ સર્વેની ઝુંબેશ અંતર્ગત ૧૯૩૮ ઓપન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળતા માટી પુરાણ કે પાણી નિકાલની વ્યવસ્થા ન કરવા તેમજ મચ્છર જન્ય પરિસ્થિતિ ઉત્પન્ન બદલ ઓપન પ્લોટસના ૧૧૩ જવાબદાર ઇસમોને નોટીસ ઇસ્યુ કરવામાં આવી અને ૧૧૮૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

વેસ્ટ ઝોનમાં કુલ ૧૭૩ ઓપન પ્લોટસ ચેક કરાતા મંગલમૂર્તિ એપા.ની સામે નો પ્લોટલ કેનાલ રોડ સેવન સ્ટેપ પાસેનો પ્લોટ ૨૪૫૦૦/- સુભાષ ગાર્ડનની બાજુનો પ્રાઇવેટ પ્લોટમાં ૧૩૦૦૦/-આર.ટી.ઓ.ની સામે પ્લોટ મોનાર્ક ની સામે ગૌરવપથ રોડ પ્લોટમાં ૧૦૦૦૦/- કુલ મળી ૪૭૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૭ નોટીસ આપવામાં આવેલ છે. નોર્થ ઝોનમાં ૭૯ ઓપન પ્લોટસ ચેક કરાતા કૈલાસ રો હાઉસ ની બાજુમાં ૧૦૦૦૦/- મહાવીર હાઇટસ ની બાજુમાં ૧૦૦૦૦ /-અનાથ આશ્રમ નો ખુલ્લો પ્લોટ ૩૦૦૦/ કંતારેશ્વર મંદીર ની પાછળ ૨૦૦૦/- કુલ મળી ૨૫૦૦૦ /- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૨૬ નોટીસ આપવામાં આવેલ છે. સા-વેસ્ટ ઝોનમાં કુલ ૨૭૯ ઓપન પ્લોટસ ચેક કરાતા ૨૧૦૦૦ /- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ઇસ્ટ-બી ઝોનમાં ૩૬૨ ઓપન પ્લોટસ ચેક કરતા શુખ શાંતિ રો હાઉસ ૯૦૦૦/- આગમન રેસી.ની સામે ૧૦૦૦/- કુલ મળી ૧૦૦૦૦ /- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૬ નોટીસ આપવામાં આવેલ છે. ઇસ્ટ-એ ઝોનમાં કુલ ૯૧ ઓપન પ્લોટસ ચેક કરતા ઓમશાંતિ ભવન ની પાછળ ૪૫૦૦/-મકનજી પાર્ક ૨૦૦૦/- કિષ્ણા પાર્કિંગ સ્કોડા શો રૂમ ૧૦૦૦/- કુલ મળી ૭૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૩૦ નોટીસ આપવામાં આવેલ છે. સાઉથ-એ ઝોનમાં કુલ ૪૧૦ ઓપન પ્લોટસ સર્વે દરમ્યાન ગણેશનગર ઇન્ડ. પ્લોટમાં ૩૦૦૦/- નવીન ફલોરીન કંપની ઓપન પ્લોટ ૨૦૦૦/- દાઉદનગર પાછળ ૧૦૦૦/- રણછોડનગર ૫૦૦ કુલ મળી ૬૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૫ નોટીસ આપવામાં છે. સાઉથ-બી ઝોનમાં કુલ ૪૫૩ ઓપન પ્લોટસના સર્વે દરમ્યાન ૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૮ નોટીસ આપવામાં છે. સા-ઇસ્ટ ઝોનમાં કુલ ૭૪ ઓપન પ્લોટ ચેક કરતા ૨૪ નોટીસ આપવામાં આવેલ છે. સેન્ટ્રલ ઝોનમાં કુલ ૧૭ ઓપન પ્લોટસ ચેક કરતા ૭ નોટીસ આપવામાં આવેલ છે.

**આજરોજ સુરત મહાનગરપાલિકાનાં ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ)ના દ્વારા વીબીડીસી વિભાગની કામગીરીનું ક્રોસ વેરીફીકેશન કરવામાં આવેલ તેઓએ ફીલ્ડમાં કર્મચારીની કામગીરીનું જાતે ક્રોસ વેરીફીકેશન કરી વાહક જન્ય રોગ નિયંત્રણ માટે સઘન કામગીરી કરવા માટે સુચના આપવામાં આવેલ હતી.** તેમજ જાહેર જનતાને પણ અપીલ કરવામાં આવી હતી કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકાલ વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઇને વધુમાં વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશેલ તેની જાણ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સમાચાર યાદી નં. ૧૦૫

તા. ૦૫-૦૭-૨૦૨૪


Vasant
રાધાકૃષ્ણ
કિરાણા










350